જિલ્લાકક્ષાના કલા ઉત્સવની સ્પર્ધામાં આર જી સ્કૂલની વિદ્યાર્થિનીઓ ઝળકી

ગાંધીનગર, તા. ૧૩

જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન ગાંધીનગર ખાતે જિલ્લાકક્ષાનો કલા ઉત્સવ યોજવામાં આવ્યો હતો. શ્રીમતી આર જી પટેલ ગર્લ્સ સેકન્ડરી સ્કૂલ અને શ્રીમતી એસ બી પટેલ ગર્લ્સ હાયર સેકન્ડરી સ્કૂલની માધ્યમિક વિભાગની વિદ્યાર્થિની મેશ્વા જાનીએ આ ઉત્સવ અંતર્ગત વક્તૃત્વ સ્પર્ધામાં પ્રથમ વિજેતા પદ હાંસલ કરી રૂપિયા એક હજારનું ઇનામ અને બિનલ રબારીએ નિબંધલેખન સ્પર્ધામાં દ્વિતીય વિજેતાપદ અને ૫૦૦ રૂપિયાનું રોકડ ઇનામ પોતાને નામ કર્યું હતું. બંને વિદ્યાર્થિનીઓને શિલ્ડ અને પ્રમાણપત્ર પણ પ્રાપ્ત થયાં હતાં. આચાર્ય ગિતેષભાઈ, સુપરવાઈઝર રમેશભાઈ, ગીતાબેને સમગ્ર શાળા પરિવાર વતી બંને વિજેતા દીકરીઓને બિરદાવી અભિનંદન પાઠવ્યા હતા. જશુભાઈ સુતરિયા દ્વારા બંને દીકરીઓને માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું.

વન વિભાગ દ્વારા વન્યપ્રાણી સપ્તાહ ઉજવાયું

વનવિભાગ દ્વારા આયોજીત વન્ય પ્રાણી સપ્તાહની ઉજવણી બીજીથી દસમી ઑક્ટોબર દરમિયાન કરવામાં આવી હતી. સમગ્ર સપ્તાહ દરમિયાન વિવિધ કાર્યક્રમો સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત વિવિધ સ્કુલોમાં યોજાઈ ગયા. વનશ્રી ટ્રસ્ટ તેમજ વન વિભાગના ઉપક્રમે દ્વારામહાત્મા ગાંધી વિદ્યામંદિર, સે-૧૬ના વિદ્યાર્થીઓ દ્વારા રેલીનું આયોજન કરી વન્યપ્રાણી સપ્તાહનો શુભારંભ કરવામાં આવ્યો હતો. બીજા દિવસે રોજ સ્વામી વિવેકાનંદ વિદ્યાવિહાર, સે-૧૨ માં વાઈલ્ડ લાઈફ ઓરિએંટેશન પ્રોગ્રામ શ્રીમતી અજંનાબેન નિમવત દ્વારા યોજવામાં આવ્યો હતો. ચોથી તારીખે મહાત્મા ગાંધી વિદ્યામંદિર સે-૧૬માં વન્યપ્રાણીઓની સંરક્ષણ પર વક્તૃત્વ સ્પર્ધા યોજવામાં આવી તેમજ શનિવારના રોજ તે જ વિષય પર સ્વામી વિવેકાનંદ વિદ્યાવિહાર સેકટર-૧૨ની શાળામાં નિબંધ સ્પર્ધા યોજવામાં આવી હતી. સાતમી તારીખે સરદાર વલ્લભભાઈ વિદ્યામંદિર સે-૭માં ચિત્રસ્પર્ધા નું આયોજન કરવામાં આવ્યું હતું. અંતમાં વનશ્રી ટ્રસ્ટ તેમજ વન વિભાગ દ્વારા વન્ય પ્રાણી સપ્તાહના સમપાન તથા ઈનામ વિતરણનો કાર્યક્રમ સરદાર વલ્લભભાઈ પટેલ વિદ્યામંદિર સે-૭ ખાતે DCF એસ. એમ. ડામોર, ACF નેવીલ ચૌધરી, CDI ઉત્કર્ષ અને અંજનાબેન નિમાવતની ઉપસ્થિતીમાં યોજાયો હતો. વન્ય પ્રાણી સપ્તાહની ઉજવણી અંતર્ગત આ તમામ શાળાઓના કોડીનેટર નટુભાઇ વી. લાડાણી તેમજ શાળાઓના આચાર્ય મુકેશભાઇ જાની, ભાવેશભાઈ જાની, એલ.વી. રાતડિયાએ પ્રારંભથી અંત સુધી સમગ્ર કાર્યકરમાં ઉત્સાહ ભેર ભાગ લઈ વિદ્યાર્થીઓને માર્ગદર્શન તેમજ પ્રોત્સાહન પુરૂ પડ્યું હતું.

ડાયરેક્ટ ❤ સે

માની લઈએ કે કિસ્મતમાં જે લખ્યું છે તે બદલાશે નહીં. પણ એકવાર પ્રયત્ન તો કરી જુઓ. કોને ખબર ? કિસ્મત બદલાઈ પણ જાય !

જન્મદિને વધામણી

ફાલ્ગુની કમલેશકુમાર પરમાર

અશ્વિન કે વ્યાસ (ફૂકર)
મો. ૯૮૨૫૦ ૩૯૦૪૯

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.
- સંપાદક

આર જી પટેલ કન્યા શાળાના સુપરવાઈઝરને વિદાયમાન

ગાંધીનગર, તા. ૧૩

શ્રીમતી આર જી પટેલ કન્યા માધ્યમિકશાળા અને શ્રીમતી એસ બી પટેલ કન્યા ઉચ્ચતર માધ્યમિક શાળા, ગાંધીનગર ખાતે સામાન્ય પ્રવાહમાં ફરજરત સુપરવાઈઝર રમેશભાઈ જી પટેલ વયનિવૃત્ત થતાં શાળામાં અભ્યાસ કરતી ૧૪૦૦ વિદ્યાર્થિનીઓ અને શાળા પરિવારની ઉપસ્થિતિમાં તેમનો વિદાય સમારોહ યોજવામાં આવ્યો હતો. શાળામાં ૩૧ વર્ષની સેવા પૂર્ણ કરનાર રમેશભાઈને શાળા પરિવાર દ્વારા પ્રમાણપત્ર, ચાંદીનો સિક્કો, શાલ અને સ્મૃતિચિહ્નની ભેટ આપવામાં આવી હતી. શિક્ષકોએ રમેશભાઈ સાથેની પોતાની સ્મૃતિઓને આ પ્રસંગે વાગોળી હતી અને તેમને સ્વસ્થ દીર્ઘાયુ માટે શુભકામનાઓ પાઠવી હતી. શાળા પરિવાર વતી ગિતેશભાઈએ રમેશભાઈને શુભેચ્છાઓ પાઠવી હતી. કાર્યક્રમનું સંચાલન મયંકભાઈ પટેલ અને જશુભાઈ સુતરીયા દ્વારા કરવામાં આવ્યું હતું.

તંત્ર દ્વારા કડકાઈ પછી હવે

કૉલેજો હાજરીનો ઑનલાઈન ડેટા મોકલવા તૈયાર

ગાંધીનગર, તા. ૧૩

કોલેજોની ઓનલાઈન હાજરી પ્રકરણમાં નવો વળાંક આવ્યો છે. શિક્ષણ વિભાગ દ્વારા કોલેજના સ્ટાફની ઓનલાઈન હાજરી માટે આદેશ કરાયો હતો પરંતુ કોલેજોને મુશ્કેલી પડતી હોઈ ડેટા આપવામાં આવ્યો ન હતો. જોકે, કોલેજોએ ડેટા આપવામાં વિલંબ કરતા વિભાગ દ્વારા તેને પ્રતિષ્ઠાનો પ્રશ્ન બનાવી લીધો હતો અને કોલેજોની ફાઈલો અટકાવવાનું શરૂ કરાયું છે. તેથી કોલેજ તંત્રોને ઘૂંટણિયે પડવું પડ્યું છે અને હવે આચાર્યો દ્વારા કોલેજોના ડેટા મોકલવાનું નક્કી કરાયું હોવાનું જાણવા મળે છે. આમ, સરકાર દ્વારા કોલેજો પાસેથી ડેટા મેળવવા માટે 'વાંકી આંગળી' કરતા કોલેજો દ્વારા ડેટા આપવાનું શરૂ કર્યું હોવાનું જાણવા મળે છે.

હાલમાં રાજ્યની સ્કૂલોમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ અને સ્કૂલોમાં ફરજ બજાવતા શિક્ષકોની હાજરી ઓનલાઈન પુરવામાં આવે છે. સ્કૂલોની હાજરી ઓનલાઈન કરાયા બાદ તેના સારા પરિણામ આવતા સરકાર દ્વારા તેનો કોલેજોમાં પણ અમલ કરવાનું નક્કી કર્યુ હતું. જેને લઈને તાજેતરમાં શિક્ષણ વિભાગ અને શિક્ષણમંત્રી તરફથી માસ એપ્લિકેશન મુજબ કોલેજના સ્ટાફ માટે આવવા-જવાની ઓનલાઈન એન્ટ્રી કરવાની દરખાસ્ત કરવામાં આવી હતી અને તેનો ગંભીરતાથી અમલ કરવામાં આવશે તેમ પણ જણાવ્યું હતું. માસ એપ્લિકેશનના અમલીકરણ માટે કેસીજી દ્વારા ૧૬ જુલાઈના રોજ પરિપત્ર દ્વારા કોલેજોનો ડેટા મગાવવામાં આવ્યો હતો. જોકે, તેની સામે કોલેજોએ પડતી મુશ્કેલીઓને આગળ ધરી ડેટા મોકલ્યો ન હતો.

દરમિયાન, શિક્ષણ વિભાગે કોલેજોની હાજરીના પ્રશ્નને પ્રતિષ્ઠાનો પ્રશ્ન બનાવી લીધો હતો અને સામે કોલેજો દ્વારા મુશ્કેલીઓ બતાવવામાં આવી રહી હોવા છતાં તેને અસહકાર કરતી હોય તેવું ચિત્ર ઊભું થતાં શિક્ષણ વિભાગ દ્વારા અમલીકરણ માટે કડક કાર્યવાહી કરવાનું નક્કી કર્યુ હતું. જેના ભાગરૂપે વિભાગ દ્વારા કોલેજોની ફાઈલો અટકાવવાનું શરૂ કરાયું હોવાનું બહાર આવતા કોલેજના આચાર્યો હરકતમાં આવ્યા હતા. જેના પગલે હવે આચાર્યોએ કોલેજોનો ડેટા વિભાગને મોકલવાનો નિર્ણય લીધો હોવાનું મળે છે, જેથી કરીને આચાર્યો અને કોલેજોના બાકી કામો અટકી ન પડે. માસ એપ્લિકેશન પ્રક્રિયામાં કોલેજોના આચાર્યોને શક્ય તેટલી તકલીફ ન પડે અને જરૂર પડે સ્માર્ટ ડિવાઈસ આપવાની ખાતરી પણ આપવામાં આવી હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

૧લી નવેમ્બરથી બૉર્ડની માર્કશીટ ઉપરાંત પ્રમાણપત્રની ફીમાં ૧૦૦ ટકાનો વધારા

હાલમાં જે ફી લેવામાં આવે છે તે ૨૦૧૪માં નક્કી કરવામાં આવી હતી અને છેલ્લા પાંચ વર્ષથી કોઈ વધારો કરાયો નથી

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ધો-૧૦ તથા ૧૨ની ડુપ્લિકેટ માર્કશીટ તથા પ્રમાણપત્રોની ફીના દરોમાં ૧૦૦ ટકાનો વધારો કરાયો છે. એટલે કે, હાલમાં ફીના દરોમાં બમણો વધારો ઝીંકાયો છે. આ ફીના નવા દર ૧લી નવેમ્બર, ૨૦૧૯થી અમલમાં આવશે. પ્રમાણપત્ર પોસ્ટમાં મંગાવવામાં આવશે તો તેના માટે રૂા. ૨૫ પોસ્ટેજ ચાર્જ પણ લેવામાં આવશે એમ સુત્રોએ જણાવ્યું હતું. હાલમાં જે ફી લેવામાં આવે છે તે ૨૦૧૪માં નક્કી કરવામાં આવી હતી અને છેલ્લા પાંચ વર્ષથી કોઈ વધારો કરાયો ન હોવાથી ફીમાં વધારો કરવાનો નિર્ણય લેવાયો છે.

તાજેતરમાં મળેલી બોર્ડની કારોબારી સમિતિની બેઠકમાં ધો-૧૦ તથા ધો-૧૨ની ડુપ્લિકેટ માર્કશીટ, પ્રમાણપત્ર, માઈગ્રેશન, સમકક્ષતા પ્રમાણપત્ર વગેરેની ફીમાં વધારો કરવાનો મુદ્દો રજૂ કરવામાં આવ્યો હતો. ૨૦૧૪ પછી ફીના દરોમાં કોઈ વધારો કરાયો ન હોવાથી વધારવાની દરખાસ્ત કરાઈ હતી. જેના પગલે બોર્ડની કારોબારી સમિતિએ બોર્ડની વિવિધ ફીમાં ૧૦૦ ટકાનો વધારો કર્યો હોવાનું જાણકાર સૂત્રોએ જણાવ્યું છે. મોટાભાગે જે ફી રૂા. ૧૦૦ હતી તેમાં વધારો કરી રૂા. ૨૦૦ કરી દેવામાં આવી હોવાનું જાણવા મળે છે.

બોર્ડ દ્વારા નક્કી કરાયેલા નવા દરો મુજબ ડુપ્લિકેટ માર્કશીટ અને પ્રમાણપત્ર માટે હાલમાં રૂા. ૫૦ ફી લેવામાં આવતી હતી, તેના બદલે હવે રૂા. ૧૦૦ની ફી લેવામાં આવશે. જ્યારે પોસ્ટલ ચાર્જ રૂા. ૨૫ અલગથી રહેશે. આ ઉપરાંત માઈગ્રેશન માટે હાલમાં રૂા. ૧૦૦ની ફી હતી તે વધારીને રૂા. ૨૦૦ કરવામાં આવી છે. આ જ રીતે માર્કશીટ વેરિફિકેશનની ફી રૂા. ૧૦૦થી વધારી રૂા. ૨૦૦ કરાઈ છે. જેમાં પોસ્ટેજ ચાર્જ અલગથી લેવામાં આવશે. જ્યારે વિદેશ જતાં વિદ્યાર્થીઓ માટે સીલ કવરની ફી રૂા. ૪૦૦ હતી તે યથાવત રાખવામાં આવી છે.

આ ઉપરાંત ઓરિજિનલ માર્કશીટ પાછળ સહી-સિક્કા કરી એટેસ્ટેડ કરી આપવાની ફી રૂા. ૧૦૦થી વધારીને રૂા. ૨૦૦ કરાઈ છે. જ્યારે સમકક્ષતા પ્રમાણપત્રની ફી રૂા. ૨૦૦થી વધારીને ₹ ૩૦૦ કરવામાં આવી છે. પ્રવેશ યોગ્યતા પ્રમાણપત્રની ફી રૂા. ૫૦૦ હતી તે પણ યથાવત રાખવામાં આવી છે. જ્યારે ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ પછી નામ સુધારો કરવાની હાલમાં કોઈ ફી ન હતી તે રૂા. ૧૦૦ નક્કી કરવામાં આવી છે.

શાળાઓમાં માર્ગદર્શિકાનો અમલ થતો ન હોય તેમને કડક સૂચના આપવા પરિપત્ર

સ્કૂલ-બેગના વજન બાબતે ચકાસણીના આદેશ

ગાંધીનગર, તા. ૧૩

રાજ્ય સરકારે વિદ્યાર્થીઓ પર ભણતરનો વધારાનો 'બોજો' ન પડે તે માટે સ્કૂલ બેગના વજનને લઈને માર્ગદર્શિકા જાહેર કરી છે. આ માર્ગદર્શિકાનો શાળામાં યોગ્ય રીતે અમલ થાય છે કે કેમ તેની ચકાસણી કરવા DEO અને DPEOને આદેશ આપ્યો છે. ડીઈઓ અને ડીપીઈઓએ સપ્તાહમાં ત્રણ શાળાની ચકાસણી કરી તે અંગેનો અહેવાલ તૈયાર કરી શિક્ષણ વિભાગને મોકલવાનો રહેશે. જેમાં શાળાઓ દ્વારા નિયમનો અમલ કરાતો ન હોય તો તેમની સામે કાર્યવાહી કરવા પણ આદેશ આપ્યો છે. જ્યારે સરકાર દ્વારા માર્ગદર્શિકા બહાર પડાઈ ત્યારે અમૂક શાળામાં તપાસ કરાઈ હતી. જોકે, ત્યારબાદ આ મુદ્દો સાઈડ પર મૂકાઈ ગયો હોઈ ફરીથી સ્કૂલ બેગના વજનને લઈને ચકાસણીના આદેશો અપાયા છે.

રાજ્ય સરકાર દ્વારા ૨૭ નવેમ્બર, ૨૦૧૮ના રોજ વિદ્યાર્થીઓના સ્કૂલ બેગને લઈને માર્ગદર્શિકા જાહેર કરાઈ હતી. જેમાં સ્કૂલમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીના વજનના મહત્તમ ૧૦ ટકા જેટલું જ બેગનું વજન રહેવું જોઈએ. એટલે કે, જો વિદ્યાર્થીનું વજન ૨૦ કિ.ગ્રા. હોય તો તેની બેગનું વજન ૨ કિ.ગ્રા.થી વધુ ન હોવું જોઈએ. આમ, વિદ્યાર્થીઓ પર બેગનું વજન ન રહે તે માટે માર્ગદર્શિકામાં અન્ય સૂચના પણ અપાઈ હતી. જે મુજબ સ્કૂલ જે બોર્ડ સાથે સંલગ્ન હોય તેના માન્ય પુસ્તકો સિવાયના પુસ્તકો શાળાએ મગાવવાના રહેશે નહીં. ઉપરાંત, સ્કૂલનું ટાઈમ ટેબલ એ રીતે ગોઠવવું કે જેથી વિદ્યાર્થીને રોજના ઉથી ૪ વિષયનો જ અભ્યાસ કરવાનો રહે. આમ, ઓછા વિષયો હોય તો બેગનું વજન પણ ઘટી જાય તેમ હોવાથી ટાઈમ ટેબલની ગોઠવણ અંગે શાળાને તાકીદ કરી હતી. આ સાથે જ વાલીઓ માટે પણ માર્ગદર્શિકામાં ઉલ્લેખ કરાયો હતો. જેમાં જણાવાયું હતું કે, વિદ્યાર્થીઓ નિયમિત ટાઈમ ટેબલ મુજબ જ સ્કૂલ બેગ લઈને જાય છે તે જોવું જોઈએ. ઉપરાંત શાળાઓમાં પાણીની વ્યવસ્થા હોય તો ત્યાં વોટર બોટલનું વજન ઉંચકીને ન જાય તે જોવા તાકીદ કરી હતી. આ માર્ગદર્શિકા બહાર પાડ્યા બાદ ડીઈઓ અને ડીપીઈઓની ટીમ દ્વારા જે તે સમયે શાળાઓમાં ચકાસણી પણ કરી હતી અને જે શાળાઓમાં તેનો અમલ થતો ન હતો તેમને કડક સૂચના આપી માર્ગદર્શિકાનું પાલન કરવા તાકીદ કરાઈ હતી. જોકે, હવે આ માર્ગદર્શિકા જાહેર થયાને એક વર્ષ જેટલો સમય થવા આવ્યો હોઈ જાણે સ્કૂલ અને અધિકારીઓ બંને આ નિયમને ભૂલી ગયા છે.જેના પગલે પ્રાથમિક શિક્ષણ નિયામક દ્વારા તમામ ડીઈઓ અને ડીપીઈઓને પરિપત્ર કરાયો છે. જેમાં અગાઉ જે શાળાઓમાં ચકાસણી કરી દેવાઈ છે તે સિવાય બાકી રહેતી શાળાઓમાં બેગના વજનને લઈને ચકાસણી કરવામાં આવે તેવો આદેશ કરાયો છે. ચકાસણી દરમિયાન જો કોઈ સ્કૂલમાં નિયમનું પાલન થતું ન હોય તો તેમની સામે કાર્યવાહી કરી તે અંગેનો અહેવાલ મોકલવા તાકીદ કરાઈ છે.

રાયસણના સ્વામિનારાયણ વિદ્યામંદિરમાં 'અટલ ટિન્કરિંગ લૅબ'નું ઉદ્‌ઘાટન કરાયું

સૌથી મહાન પ્રયોગશાળા એ તમારું પોતાનું મગજ છે. તમારે માત્ર અલગ વિચારવાનું જ નથી, અલગ બનવાનું પણ છે : બ્રહ્મવિહારીદાસજી

ગાંધીનગર, તા. ૧૩

'અટલ ટિન્કરિંગ લેબ'નું ઉદ્‌ઘાટન BAPS સ્વામિનારાયણ વિદ્યામંદિર, રાયસણ ખાતે સંસ્થાના વરિષ્ઠ સંતવર્ય પૂજ્ય બ્રહ્મવિહારીદાસજી સ્વામી, આઈપીએસ અધિકારી અજય તોમર, ગુજરાત ઉચ્ચ માધ્યમિક શિક્ષણ બોર્ડ (GHSEB)ના ચેરમેન એ. જે. શાહની ઉપસ્થિતિમાં થયું હતું.

આ પ્રસંગે બ્રહ્મવિહારી-દાસજી સ્વામીએ જણાવ્યું કે વિશ્વમાં એવા અનેક આવિષ્કારો બાળવિજ્ઞાનીઓએ કર્યા છે અને જેઓ બીજા માટે પ્રેરણાદાયી બની રહ્યાં છે. ગ્રેહાલ બેલે માત્ર ૧૨ વર્ષની વયે 'Dehusking Machine'ની શોધ કરી હતી. જાણીતા વિજ્ઞાની આઈન્સ્ટાઈને માત્ર ૧૩ વર્ષની કિશોર વયે 'How light travels through space?' એ અંગે સંશોધનપત્ર લખ્યું હતું. માત્ર ૧૨ વર્ષની વયે જ લૂઈસ બ્રેઈલીએ 'બ્રેઈલ લિપિ'ની શોધ કરી હતી. જ્યારે ભારતના ૧૨ વર્ષના શુભમ્ બેનરજીએ વર્ષ-૨૦૧૪માં 'Braille Printer'ની શોધ કરી હતી. ૧૧ વર્ષીય ફ્રેન્ક એપર્સને વર્ષ-૧૯૦૫માં 'Popsicle' એટલે કે આઇસ કેન્ડીનું સંશોધન કર્યું હતું. જેરી સિગલે ૧૪ વર્ષની વયે કાલ્પનિક સુપરહીરો એવા 'સુપરમેન'નો આવિષ્કાર કર્યો હતો. માટે જ એ કહેવામાં અતિશયોક્તિ નથી કે સૌથી મહાન પ્રયોગશાળા એ તમારું પોતાનું મગજ છે. તમારે માત્ર અલગ વિચારવાનું જ નથી, અલગ બનવાનું પણ છે.

આ ઉદ્‌ઘાટન પ્રસંગે યોજાયેલા કાર્યક્રમમાં GSEBના ડેપ્યુટી ડાયરેક્ટર એમ.પી.મહેતા, બીએપીએસના કિરણભાઈ પીઠવા, જે.જી.ઝાંઝલ સહિત શિક્ષાવિદો, વિવિધ ક્ષેત્રના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યાં હતાં. બ્રહ્મવિહારીદાસજી સ્વામીએ વિદ્યાર્થીઓને સંબોધતાં જણાવ્યું હતું કે સૌથી મહાન પ્રયોગશાળા એ તમારા પોતાના મગજમાં છે. તમારી પાસે સૌથી શક્તિશાળી સાધન તમારું પોતાનું હૃદય છે. જ્યારે તમે તમારી આંખો બંધ કરીને જે મહાન કાર્ય કરી શકો, એ છે સ્વપ્ન જોવા. ઉચ્ચ વિચારો, ઉચ્ચ સ્વપ્ન જુઓ અને સ્વયં ઉચ્ચ બનો. માત્ર સુવિધાઓ ઉપર આધાર ન રાખો, સુવિધાઓ તો સહાયક બની શકે છે, પરંતુ કલ્પનાશક્તિમાં આવિષ્કાર કરવાની તાકાત રહેલી છે. નિષ્ફળ થાવ ત્યારે કદી કોઈનો વાંક ન કાઢો.

આ પ્રસંગે GHSEBના ચેરમેન એ.જે.શાહે જણાવ્યું હતું કે 'નવા ભારતનું નિર્માણ વૈજ્ઞાનિક અભિગમ સાથે થાય તથા વિદ્યાર્થીને પોતાના જીવનમાં વિચારો રજૂ કરવાની તક મળે અને તે પ્રગતિ કરી શકે તે 'અટલ ટિન્કરિંગ લેબ'નો મુખ્ય હેતુ છે. આ લેબ વિદ્યાર્થીઓને વૈજ્ઞાનિક દૃષ્ટિકોણ-આવિષ્કારનો દૃષ્ટિકોણ આપશે.'

ગુજરાત યુનિવર્સિટીના વિદ્યાર્થીઓને

ડુપ્લીકેટ માર્કશીટ માટે હવે ઍફિડેવીટ નહીં આપવી પડે

ગાંધીનગર, તા. ૧૩

ગુજરાત યુનિવર્સિટીમાં લાંબા સમય બાદ તાજેતરમાં મળેલી સિન્ડિકેટની બેઠકમાં વિદ્યાર્થીઓએ રજૂઆત કરી હતી કે ડુપ્લિકેટ માર્કશીટ અને ડુપ્લિકેટ ડિગ્રી સર્ટિફિકેટ લેવા માટે હાલમાં એફિડેવિટ આપવું પડે છે. વિદ્યાર્થીઓએ પોતાના જ ડુપ્લિકેટ માર્કશીટ લેવા માટે એફિડેવિટ આપવાની પધ્ધતિ યોગ્ય ન હોવાથી તેને દૂર કરવાનો મહત્ત્વનો નિર્ણય લેવાયો હતો. આ સિવાય ટાઈમ લિમિટ નક્કી કરવાનું પણ નક્કી કરાયું હતુ. પોતાની દીકરીઓના નામે ખોટી રીતે ઉત્તરવહી ચકાસણી કરનારા ગુજરાત કોલેજના પ્રોફેસરને પરીક્ષાની કામગીરીમાંથી હંમેશા દૂર કરવા ઉપરાંત નાણાંકીય કામકાજ ન સોંપવા સરકારને પણ ભલામણ કરવાનું નક્કી કરાયું હતું.

બેઠકમાં વિદ્યાર્થીઓ માટે સૌથી વધુ નડતરરૂપ પ્રથા દૂર કરવાનું નક્કી કરાયું હતું. હાલમાં વિદ્યાર્થીઓની માર્કશીટ કે ડિગ્રી સર્ટિફિકેટ ખોવાઈ જાય તો ડુપ્લિકેટ કઢાવવા માટે એફિડેવિટ આપવી પડે છે. વિદ્યાર્થીઓને ડુપ્લિકેટ માર્કશીટ માટે રૂપિયા ભર્યા પછી પણ એફિડેવિટ આપવું પડતું હોવાથી ભારે મુશ્કેલી ઊભી થતી હતી. હવે પછી વિદ્યાર્થીઓ પાસેથી આવી કોઈ એફિડેવિટ લેવામાં આવશે નહીં. એફિડેવિટની એવેજીમાં કોઈપણ આઈ.ડી.પ્રૂફ લઈને આ કામગીરી કરી દેવામાં આવશે. આ ઉપરાંત હાલમાં ટ્રાન્સ્ક્રીપ્ટ, ડિગ્રી વેરિફિકેશ સહિતની કામગીરી માટે કેટલા દિવસ લાગશે તે નક્કી નથી. આ સર્ટિફિકેટ વિદ્યાર્થીઓ અન્ય કોલેજોમાં આપવા ઉપરાંત વિદેશમાં મોકલવાના હોવાથી ક્યારે મળશે તે નક્કી ન હોવાથી અનેક પ્રકારની સમસ્યાઓ ઊભી થતી હતી. હવે પછી યુનિવર્સિટી દ્વારા એક ચાર્ટ તૈયાર કરવામાં આવશે જેમાં કઈ કામગીરી કેટલા દિવસમાં પૂરી થશે તેની વિગતો જાહેર કરવામાં આવશે અને તેટલા દિવસમાં વિદ્યાર્થીઓને મળી જાય તે પ્રકારની કામગીરી કરાશે તેવું નક્કી કરાયું હતું. ગુજરાત કોલેજના પ્રોફેસર આર.કે.શાહે ગેરકાયદે અનેક ઉત્તરવહીઓ ચકાસી હોવાના બિલો મૂક્યા હતા. આ ઉપરાંત વિદેશમાં રહેતી પોતાની દીકરીના નામે પણ ઉત્તરવહીઓ ચકાસીને રૂપિયા લઈ લીધા હતા. આ પ્રકરણની તપાસ કરતી કમિટીના અહેવાલ બાદ પ્રો. આર.કે.શાહને કાયમી ધોરણે પરીક્ષાની કામગીરી ન સોંપવા જે ગેરકાયદે ઉત્તરવહી ચકાસી તેના રૂપિયા જમા લેવા ઉપરાંત જયાં નાણાંકીય બાબતો સંકળાયેલી હોય તેવી કામગીરી પણ ન સોપવા અને આ માટે સરકારને પણ ભલામણ કરવાનું નક્કી કરાયું હતું. આકાર બી.એડ કોલેજ દ્વારા માન્યતાનું સર્ટિફિકેટ ખોટું બનાવ્યું હોવાના મુદ્દે તપાસ કરતી કમિટીએ આપેલા અહેવાલ બાદ આ કિસ્સામાં એનસીટીઈ જે સૂચના આપે તે પ્રમાણેની કામગીરી કરવાનું નક્કી કરાયું હતું.

ધો. ૧૦ના ગણિતમાં બે લેવલના પ્રશ્નપત્રો બાબતે સરકારને પુનઃ અરજ

ગાંધીનગર, તા. ૧૩

ધો.૧૦માં ગણિત વિષયમાં બે લેવલના પ્રશ્નપત્રો રાખવા અંગે સરકારને પુનઃ વિચારણા કરવા માટે પત્ર મોકલવામાં આવ્યો હોવાનું જાણવા મળે છે. તાજેતરમાં મળેલી બોર્ડની કારોબારી સમિતિની બેઠકમાં આ નિર્ણયથી થતાં ફાયદા અને નુકસાન અંગેની વિગતો તારવી સરકારની વિચારણા માટે મોકલી છે. જેથી તમામ પાસાઓની છણાવટ કર્યા બાદ આ મુદ્દે આગળ નિર્ણય લઈ શકાય. જો, ધો.૧૦માં ગણિતના બે લેવલની પરીક્ષા લેવામાં આવે તો તેનું માળખુ કયા પ્રકારનું રહેશે અને કઈ કઈ બાબતોને તેમાં આવરી લેવામાં આવશે તે બાબતો પણ સરકારની વિચારણા અર્થે મોકલી છે.

બોર્ડની સામાન્ય સભામાં ધો.૧૦માં ગણિત વિષયમાં બે લેવલના પ્રશ્નપત્રો સ્ટાન્ડર્ડ અને બેઝિક રાખવા અંગે નક્કી કરાયા બાદ શૈક્ષણિક સમિતિએ તેનું ફોર્મેટ નક્કી કર્યુ હતું. જેના વિવિધ મુદ્દા અંગે બોર્ડની કારોબારી સમિતિની બેઠકમાં વિચારણા કરવામાં આવી હતી. જેમાં વિદ્યાર્થીઓને ફોર્મ ભરતી વખતે જ ગણિત સ્ટાન્ડર્ડ અથવા ગણિત બેઝિક વિકલ્પ આપવાનો રહેશે. શાળાકક્ષાએ કે વર્ગખંડમાં શૈક્ષણિક પદ્ધતિમાં કોઈ ફેરફાર કરવાનો રહેશે નહીં. ગણિતની પરીક્ષામાં બે વિકલ્પ માત્ર ધો.૧૦ના બોર્ડની પરીક્ષાના ફોર્મ ભરતી વખતે જ આપવાના રહેશે. ધો.૯માં આ પ્રકારનો વિકલ્પ આપવાનો રહેશે નહીં.

ગણિત સ્ટાન્ડર્ડ અને ગણિત બેઝિકના પ્રશ્નપત્ર પરિરૂપ અલગ અલગ રહેશે. બંને પ્રકારના પરિરૂપમાં પ્રકરણવાર ગુણભાર, પ્રશ્નોના પ્રકાર પ્રમાણે ગુણભાર તેમજ હેતુઓ પ્રમાણે ગુણભાર અલગ અલગ રાખવામાં આવશે. ઉપરાંત આ બાબતનો અમલ કરતી વખતે શાળા કક્ષાએ આચાર્ય તેમજ શિક્ષકોએ વાલી મીટિંગમાં વિદ્યાર્થીઓ તેમજ વાલીઓને સમજ આપવાની રહેશે તેમજ વિદ્યાર્થી જે વિકલ્પ પસંદ કરે તે અંગે વિદ્યાર્થી તેમજ વાલીની લેખિત સંમતિ લેવાની રહેશે. કારોબારી સમિતિએ શૈક્ષણિક સમિતિ દ્વારા કરવામાં આવેલી ભલામણો પર ચર્ચા કરી આ નિર્ણયથી થતા નુકસાન અંગે સરકારને માહિતગાર કરી સમગ્ર મામલો સરકારની વિચારણા માટે મોકલ્યો છે.

કારોબારી સમિતિએ સરકારનું જે મુદ્દાઓ પર ધ્યાન દોર્યુ છે તેમાં, CBSE બોર્ડના વિદ્યાર્થીઓના વાલીઓ સુશિક્ષીત હોવાથી તેઓ કયા પ્રકારનું પ્રશ્નપત્ર રાખવું તે અંગે નિર્ણય સારી રીતે લઈ શકે છે પરંતુ ગુજરાત બોર્ડમાં ગ્રામ્ય વિસ્તારના વાલીઓ આ અંગે નિર્ણય લઈ શકશે નહીં. જ્યારે સ્કૂલો પોતાનું પરિણામ સારું બતાવવા માટે વિદ્યાર્થીઓને બેઝિક ગણિત લેવડાવશે. જેના પગલે ગ્રામ્ય વિસ્તારમાં ધો.૧૧ સાયન્સ લેનારા વિદ્યાર્થીઓની સંખ્યામાં પણ ઘટાડો થશે. હાલમાં મેડિકલ-એન્જિ.ની SC-STની બેઠકો વિદ્યાર્થીઓથી ભરાઈ જાય છે. પરંતુ બે અલગ પેપરથી વિદ્યાર્થીઓને બેઝિક ગણિતમાં પાસ થવાનું સરળ લાગતા તેઓ બેઝિક ગણિત રાખશે અને તેના લીધે મેડિકલ-એન્જિ.માં SC-STની બેઠકો ખાલી પડશે. જેથી આ તમામ પાસાઓ પર ચર્ચા કરી વિદ્યાર્થીઓને ભવિષ્યમાં નુકસાન ન થાય તે માટે સરકારને વિચારણા માટે રજૂ કરવાનું બેઠકમાં નક્કી કરાયું છે.